સ્પોર્ટ્સ લાઈન

૧૫

શુક્રવાર ૨૪ એપ્રિલ, ૨૦૨૬

IPL 2026 આજની મેચ: RCB Vs GT ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: બેંગલુરુ

ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
PBKS	6	5	0	1	11	1.420
RR	7	5	2	0	10	0.790
RCB	6	4	2	0	8	1.171
SRH	7	4	3	0	8	0.820
DC	6	3	3	0	6	-0.130
GT	6	3	3	0	6	0.310
MI	6	2	4	0	4	0.067
CSK	6	2	4	0	4	-0.780
LSG	7	2	5	0	4	-1.277
KKR	7	1	5	1	3	-0.879

CSKએ મૂક્યો 208 રનનો લક્ષ્યાંક

સંજૂ સેમસને એક છેડો સાચવીને અંત સુધી બેટિંગ કરીને સીએસકેને 207 રન સુધી પહોંચાડ્યું

સેમસને છેલ્લા બોલે ચોગ્ગો ફટકારી IPLની પોતાની પાંચમી અને CSK વતી બીજી સદી ફટકારી

મુંબઈ, તા. 23 : બે દિગ્ગજ રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહની ગેરહાજરી વચ્ચે રમાયેલી આઈપીએલની અલ ક્લાસિકો મેચમાં આજે ગુરૂવારે અહીં વાનખેડે સ્ટેડિયમમાં સંજૂ સેમસનની આઈપીએલ કેરિયરની પાંચમી અને આ સિઝનની બીજી સદીની મદદથી ચેન્નાઈ સુપર કિંગ્સે છ વિકેટે 207 રન બનાવીને મુંબઈ ઈન્ડિયન્સની સામે 208 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

મુંબઈએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલા સીએસકે વતી સેમસને ઈનિંગની શરૂઆતથી આક્રમક બેટિંગ કરી હતી અને એક તબક્કે તે 200થી વધુના સ્ટ્રાઈક રેટથી રમતો હતો પરંતુ વિકેટો પડતાં તે થોડો ધીમો પડ્યો પણ તેએ સીએસકેને મજબૂત ફિનિશ આપવાનું નિર્ધારિત કર્યું હોય તેવું તેની બેટિંગ જોઈને લાગતું હતું. સામા છેડેથી તેના જોડીદાર બદલાતા રહ્યા પણ તેની બેટિંગ પર તેની કોઈ વધુ અસર પડી નહોતી, તેણે છેલ્લા બોલે ચોગ્ગો ફટકારીને પોતાની સદી પુરી કરી હતી. બુમરાહે એક જ વિકેટ લીધી, જ્યારે ઘઝનફરે ચાર ઓવરમાં માત્ર 25 રન આપીને બે વિકેટ લીધી અશ્વની કુમારે પણ બે વિકેટ લીધી, જ્યારે એક વિકેટ મિચેલ સેન્ટનરે લીધી હતી.

માતાના અવસાનના બીજા દિવસે મુકેશ ચૌધરી IPL રમવા પહોંચ્યો

મુંબઇ, તા 23 : ચેન્નાઈ સુપર કિંગ્સના ઝડપી બોલર મુકેશ ચૌધરીની માતાનું મંગળવારે નિધન થયા પછી તે ક્રિયાકર્મ પતાવીને આજે ગુરુવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચ રમવા પહોંચી ગયો હતો. મુકેશની માતા પ્રેમ દેવીનું મંગળવારે લગભગ એક વર્ષથી બીમારી પછી અવસાન થયું હતું. સમાચાર મળતા જ મુકેશ તરત જ મંગળવારે સાંજે તેઓ માતૃગામ પહોંચીને તેના મોટા ભાઈ ડો. રાજેશ સાથે મળીને માતાના અંતિમ સંસ્કાર કર્યા અને ત્યાંથી ફરી આઇપીએલ રમવા આવી પહોંચ્યો હતો.

ચેન્નાઇ સુપર કિંગ્સ	રન	બોલ	4	6
સેમસન નોટઆઉટ	101	54	10	6
ઋતુરાજ કો.તિલક બો.ઘઝનફર	22	14	3	1
સરફરાઝ બો.સેન્ટનર	14	8	3	0
દુબે બો.ઘઝનફર	5	8	0	0
બ્રેવિસ કો.બુમરાહ બો.અશ્વિની	21	11	1	2
કાર્તિક કો.સેન્ટનર બો.બુમરાહ	18	19	0	2
ઓવરટન કો.નમન બો.અશ્વિની	15	7	2	1
અકિલ નોટઆઉટ	2	2	0	0
વધારાના	9			
કુલ (20 ઓવરમાં છ વિકેટે)	207			

વિકેટપતન : 1/32, 2/72, 3/91, 4/122, 5/165, 6/181

બોલિંગ	O	M	R	W
જસપ્રીત બુમરાહ	4	0	31	1
હાર્દિક પંડ્યા	2	0	38	0
એએમ ઘઝનફર	4	0	25	2
મિચેલ સેન્ટનર	4	0	44	1
અશ્વની કુમાર	4	0	37	2
ક્રિશ ભગત	2	0	33	0

CSKએ મ્હાત્રેના સ્થાને આકાશ માધવાલને સમાવ્યો

ચેન્નાઈ, તા. 23 (પીટીઆઈ) : ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે)એ આજે ગુરુવારે ઈજાને કારણે 2026 ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) સીઝનની બાકીની મેચોમાંથી બહાર થયેલા આયુષ મ્હાત્રેના સ્થાને આકાશ માધવાલનો સમાવેશ કર્યો છે. ભારતની અંડર-૧૯ વર્લ્ડકપ વિજેતા ટીમના કેપ્ટન મ્હાત્રેએ સીએસકે માટે સિઝનની શાનદાર શરૂઆત કરી હતી, તેણે છ મેચમાં બે અડધી સદી ફટકારી હતી, પરંતુ સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની મેચ દરમિયાન તેમને ડાબા હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. માધવાલ 30 લાખમાં સીએસકે સાથે જોડાયો.

મિચેલ સ્ટાર્કને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા IPLમાં રમવા લીલી ઝંડી મળી

સિડની, તા. 23 (પીટીઆઈ) : ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ)એ મિચેલ સ્ટાર્કને આઈપીએલમાં રમવાની પરવાનગી આપી છે અને આઝડપી બોલર પહેલી મેના રોજ રાજસ્થાન રોયલ્સ સામે દિલ્હી કેપિટલ્સ મેચ માટે ઉપલબ્ધ રહે તેવી અપેક્ષા છે. ડાબોડી ફાસ્ટ બોલર સ્ટાર્ક કોણી અને ખભાની ઇજાને કારણે જાન્યુઆરીથી એક પણ મેચ રમ્યો નથી. તેણે એશિઝની પાંચેય ટેસ્ટ મેચમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને તેને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. તેણે સિડની સિક્સર્સ માટે પાંચ બિગ બેશ લીગ મેચ પણ રમી હતી. ક્રિકેટ.કોમ.એયૂએ અહેવાલ આપ્યો હતો કે સ્ટાર્ક હવે ભારતમાં સખત તાલીમ લેશે તેવી અપેક્ષા છે. તે પહેલી મેના રોજ રાજસ્થાન રોયલ્સ સામે દિલ્હીની મેચમાં રમવા માટે તૈયાર છે, જે વર્તમાન આઇપીએલ સીઝનમાં તેની પહેલી મેચ હશે.

દિલ્હી કેપિટલ્સે ડકેટના સ્થાને રેહાનને સમાવ્યો

નવી દિલ્હી, તા. 23 : દિલ્હી કેપિટલ્સે આ સિઝનમાં બાકી રહેલી આઇપીએલ મેચો માટે ઈંગ્લેન્ડના બેન ડકેટના સ્થાને ઈંગ્લેન્ડના જ બોલિંગ ઓલરાઉન્ડર રેહાન અહેમદ સાથે કરાર કર્યા હોવાનું આયોજકોએ ગુરુવારે જણાવ્યું હતું. આઈપીએલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દિલ્હી કેપિટલ્સે બાકીની આઈપીએલ માટે બેન ડકેટના સ્થાને રેહાન અહેમદની જાહેરાત કરી છે.

રાજસ્થાન રોયલ્સનો બોલર બર્ગર દંડાયો

લખનૌ, તા. 23 : આઈપીએલે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાજસ્થાન રોયલ્સના ફાસ્ટ બોલર નાંદ્રે બર્ગરને લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની મેચ દરમિયાન આઈપીએલની આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની મેચ ફીના 10 ટકા દંડ ફટકારીને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. નિવેદનમાં જણાવાયું છે કે બર્ગરને IPL આચારસંહિતાના કલમ 2.5 ના ઉલ્લંઘનનો દોષી ઠેરવવામાં આવ્યો હતો.

તુષારાએ SLC સામેનો કેસ પાછો ખેંચ્યો

કોલંબો, તા. 23 (પીટીઆઇ) : આઇપીએલમાં રમવા માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) ન આપવા બદલ શ્રીલંકા ક્રિકેટ (એસએલસી) વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કરનાર ફાસ્ટ બોલર નુવાન તુષારાએ હવે કેસ પાછો ખેંચી લીધો છે. તુષારા 2022 થી 30 ટી20 ઇન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે. તેણે દલીલ કરી હતી કે ફિટનેસ ટેસ્ટ પાસ કરવામાં નિષ્ફળતાને કારણે એસએલસી એ તેને એનઓસી આપવાનો ઇનકાર કર્યો હતો. તેના વકીલે જિલ્લા કોર્ટને જણાવ્યું હતું કે હવે મોટાભાગની આઇપીએલ મેચો પૂર્ણ થઈ ગઈ છે, તેથી તેમનો અસીલ કેસ પાછો ખેંચવા માંગે છે, જેને કોર્ટે સ્વીકારી લીધો.

ફૂટબોલ કોર્નર

બાર્સેલોનાએ સતત સાતમી વાર મહિલા સ્પેનિશ લીગ ટાઇટલ જીત્યું

બાર્સેલોના, તા. 23 (એપી) : બાર્સેલોનાએ એસ્પાનિયોલને 4-1થી હરાવીને સતત સાતમી વખત મહિલા સ્પેનિશ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટ ટાઇટલ જીત્યું હતું. આ જીતથી બાર્સેલોના બીજા ક્રમે રહેલા રીઅલ મેડ્રિડથી 16 પોઇન્ટ આગળ થઇ ગયું છે, જે ટાઇટલ જીતવા માટે પૂરતું છે. આ બાર્સેલોનાનું 11મું લીગ ટાઇટલ છે. બાર્સેલોનાએ આ વર્ષે ટુર્નામેન્ટમાં તેમની 26 મેચોમાંથી 25 મેચ જીતી છે, જેમાં તેમનો એકમાત્ર પરાજય ગયા નવેમ્બરમાં રીઅલ સોસિડાડ સામે 1-0 થી થયો હતો. બાર્સેલોનાની મહિલા ટીમે લીગમાં અત્યાર સુધીમાં 116 ગોલ કર્યા છે અને સાત ગોલ ગુમાવ્યા છે, જેના કારણે તેમનો ગોલ તફાવત 109 છે. રીઅલ મેડ્રિડનો ગોલ તફાવત 38 છે.

સેલ્ટાને હરાવી બાર્સેલોનાએ રીઅલ મેડ્રિડ પર નવ પોઈન્ટની સરસાઇ જાળવી રાખી

મેડ્રિડ, તા. 23 (એપી) : બાર્સેલોનાએ સ્પેનિશ લીગમાં સેલ્ટા વિગો સામે 1-0થી જીત મેળવીને રીઅલ મેડ્રિડ પર તેની નવ પોઈન્ટની સરસાઈ ફરી સ્થાપિત કરી છે. જોકે, આ મેચ દરમિયાન હાફ-ટાઇમ પહેલા સ્પેનિશ ફોરવર્ડ લામિન યામલ અને પોર્ટુગલનો ડિફેન્ડર જોઆઓ કાન્સેલો ઇજાગ્રસ્ત થયા હતા. મેચની 40મી મિનિટે યામલે પેનલ્ટીને ગોલમાં ફેરવી અને તરત જ બેન્ચ તરફ જોયું અને ઈશારો કર્યો કે તેને ઈજા થઈ છે. રીઅલ મેડ્રિડે મંગળવારે અલાવેસ સામે 2-1થી જીત મેળવીને અંતર ઘટાડીને 6 પોઈન્ટનું કર્યું હતું. હવે લીગમાં માત્ર છ રાઉન્ડ બાકી છે. એટલેટિકો મેડ્રિડનો નબળો દેખાવ ચાલુ રહ્યો છે. એલ્ચે સામે 3-2થી થયેલી હાર સાથે લીગમાં આ તેની સતત ચોથી હાર છે. બીજી તરફ, રિયલ સોસિદાદની કોપાની ઉજવણી ગેટાફે સામેની 1-0ની હારને કારણે ફિક્કી પડી હતી. ગેટાફે આ જીત સાથે છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે, જ્યારે સોસિદાદ આઠમા સ્થાને રહ્યું છે.

યામલ ઘાયલ, બાર્સોલના વતી સિઝન ગુમાવશે, ફિફા વર્લ્ડકપ રમશે

બાર્સેલોના, તા. 23 (એપી) : સ્પેનિશ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં સેલ્ટા વિગો સામે બાર્સેલોનાની 1-0થી જીત દરમિયાન યુવા ફૂટબોલર લેમિન યામલ ઘાયલ થયો હતો, જેના કારણે વર્લ્ડકપમાં તેની ભાગીદારી અંગે શંકા ઉભી થઇ હતી. જો કે બાર્સોલોના કલબે ગુરુવારે જણાવ્યું હતું કે લેમિન યમાલ બાર્સેલોનાની બાકીની સિઝન ગુમાવશે પરંતુ વર્લ્ડકપમાં સ્પેન વતી રમવા માટે સમયસર પગની ઇજામાંથી સાજો થઇ જવાની સંભાવના છે. કલબે એક નિવેદનમાં ઉમેર્યું હતું કે તેના ડોકટરો માને છે કે તે વર્લ્ડકપ માટે ઉપલબ્ધ રહેશે. 40મી મિનિટે યામલે પેનલ્ટી પર ગોલ કર્યો પરંતુ તે દરમિયાન તે ઘાયલ થઈ ગયો. તેના સાથી ખેલાડીઓ ઉજવણી કરવા દોડી ગયા ત્યારે તે જમીન પર પડી ગયો અને તેના ડાબા પગના પાછળના ભાગને પકડી રાખ્યો હતો. યમાલ આગળ રમ્યો નહીં. તેણે બાર્સેલોનાના કોચ હાન્સી ફ્લિક સાથે વાત કરી અને પછી એકલો લોકર રૂમમાં જતો રહ્યો હતો.

બર્નલીને હરાવીને માન્ચેસ્ટર સિટી પ્રીમિયર લીગમાં ટોચ પર

લંડન, તા. 23 (એપી) : સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હાલેન્ડના ગોલની મદદથી માન્ચેસ્ટર સિટીએ બર્નલીને 1-0થી હરાવીને પ્રીમિયર લીગમાં ટોચનું સ્થાન મેળવ્યું, જેનાથી આર્સેનલના ટોચ પર 200 દિવસના શાસનનો અંત આવ્યો. આ હાર બર્નલી માટે મોટો ફટકો છે કારણ કે તેનાથી તેઓ બીજા વિભાગમાં ધકેલાઇ ગયા છે. હાલાન્ડે પાંચમી મિનિટે જેરેમી ડોકુના પાસથી પોતાનો 24મો લીગ ગોલ કર્યો, જેનાથી સિટી ટાઇટલ માટે મજબૂત દાવેદાર બની ગયું. સિટી અને આર્સેનલના હવે 33 મેચોમાં ૭૦ પોઈન્ટ છે અને બંને વચ્ચે 3 ગોલનો તફાવત છે. બુધવારે રમાયેલી અન્ય એક મેચમાં, લીડ્સે સ્ટોપેજ ટાઇમના સાતમા મિનિટે ગોલ કરીને બોર્નમાઉથ સાથે 2-2 થી ડ્રો કરી હતી.

રોડ્રિગો-સુઆરેઝના ગોલથી ઈન્ટર માયામીનો રિયલ સોલ્ટ લેક સામે 2-0થી વિજય

સેન્ડી, તા. 23 (AP) : રોડ્રિગો ડી પોલ અને લુઇસ સુઆરેઝે બીજા હાફના અંતમાં એક મિનિટના ગાળામાં ઉપરાછાપરી ગોલ કરતાં ઈન્ટર માયામીએ રિયલ સોલ્ટ લેકને 2-0થી હરાવ્યું હતું. માયામી (5-1-3) તેની છેલ્લી આઠ નિયમિત-સીઝન મેચોમાં અજેય રહ્યું છે અને ઈસ્ટર્ન કોન્ફરન્સ સ્ટેન્ડિંગમાં બીજા સ્થાને છે. સોલ્ટ લેક (5-1-2) નો સતત છ મેચનો અજેય સિલસિલો અહીં પૂરો થયો હતો. RSL એ તેની અગાઉની બે મેચોમાં મલ્ટી-ગોલથી જીત મેળવી હતી. મેચની 82મી મિનિટે ડી પોલે ટેલાસ્કો સેગોવિયા પાસેથી શોર્ટ કોર્નર લીધો અને ગોલના ઉપરના જમણા ખૂણામાં શાનદાર શોટ ફટકાર્યો હતો.

અટલાન્ટા સામે જીતીને લાઝિયો ઇટાલિયન કપની ફાઇનલમાં પહોંચ્યું

બર્ગામો (ઇટાલી), તા. 23 : લાઝિયોના 21 વર્ષીય ગોલકીપર એડોઆર્ડો મોટ્ટાએ સતત ચાર પેનલ્ટી કિક બચાવીને રોમન ક્લબને અટલાન્ટા સામે પેનલ્ટી શૂટઆઉટમાં જીત અપાવી ઇટાલિયન કપની ફાઇનલમાં પહોંચાડી દીધું છે. એક્સ્ટ્રા ટાઇમ પછી સ્કોર 1-1 ની બરાબરી પર હતો. પ્રથમ લેગ 2-2 થી સમાપ્ત થયો હતો. જાન્યુઆરીમાં લાઝિયો સાથે જોડાયેલા મોટ્ટાએ જિયાનલુકા સ્કામાકા, ડેવિડ ઝાપ્પાકોસ્ટા, મારિયો પાસાલિચ અને ચાર્લ્સ ડી કેટલેરેના શોટ્સ રોક્યા હતા. લાઝિયો વતી ગુસ્તાવ ઇસાક્સન અને કેનેથ ટેલરે ગોલ કરતા લાઝિયો શૂટઆઉટમાં 2-1 થી વિજયી રહ્યું હતું. હવે 13 મેના રોજ યોજાનારી ફાઇનલમાં લાઝિયોનો સામનો સીરી એ લીડર ઇન્ટર મિલાન સામે થશે. મંગળવારે રમાયેલી મેચમાં, ઇન્ટર મિલાને કોમો સામે બે ગોલથી પાછળ રહ્યા બાદ વાપસી કરીને 3-2 થી જીત મેળવી હતી, જ્યારે તેમનો પ્રથમ લેગ 0-0 થી ડ્રો રહ્યો હતો.

RCB અને ગુજરાત ટાઈટન્સ બંનેની નજર આજે બેટિંગ પ્રદર્શન સુધારવા પર

સિઝનમાં બે મેચ હારી ચૂકેલી આરસીબી હવે ફરી જીતના માર્ગે પરત ફરવા માગશે, ગુજરાત ટાઇટન્સ છેલ્લી મેચની હારને ભુલાવવા ઇચ્છશે

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બેંગલુરુ, તા. 23 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શુક્રવારે રમાનારી મેચમાં જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) અને ગુજરાત ટાઈટન્સ એકબીજા સામે મેદાને ઉતરશે ત્યારે બંને ટીમ વધુ સારા બેટિંગ પ્રદર્શનનું લક્ષ્ય રાખશે.

દિલ્હી કેપિટલ્સ સામેની છેલ્લી મેચમાં, ચિન્નાસ્વામીની થોડી સ્ટીકી પિચ પર આરસીબીના બેટ્સમેનો પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા, જેના કારણે ટીમને છ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો. આ સીઝનમાં આરસીબીનો બીજો પરાજય હતો, જેનાથી ટોચના ચારમાં સ્થાન મજબૂત કરવાની તક તેમની પાસેથી છીનવાઈ ગઈ. તેઓ હવે પોઈન્ટ ટેબલમાં આઠ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, ત્યારબાદ સનરાઈઝર્સ હૈદરાબાદ, દિલ્હી કેપિટલ્સ અને ટાઈટન્સનો ક્રમ છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબી સારી રીતે જાણે છે કે ગુજરાત ટાઈટન્સ સામે ખરાબ પ્રદર્શન તેમની સમસ્યાઓને વધુ વધારી શકે છે, કારણ કે તેમને હવે તેમની મોટાભાગની મેચો તેમના હોમ ગ્રાઉન્ડ પર રમવાની રહેશે, અને તેઓ તેમની બે હોમ મેચો રાયપુરમાં પણ રમશે. આરસીબી હવે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં જીતીને તેના ચાહકોની ભવ્ય વિદાય લેવા માગશે પરંતુ તે માટે તેના બેટ્સમેનોએ સારું પ્રદર્શન કરવું પડશે અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ મોટો સ્કોર કરવાનો માર્ગ શોધવો પડશે. એ જ રીતે, ગુજરાત ટાઇટન્સ તેમના બેટ્સમેનોના પ્રદર્શન અંગે ચિંતિત છે. મુંબઈ ઈન્ડિયન્સ સામેની તેમની છેલ્લી મેચમાં, તેઓ 100 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા અને 99 રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આનાથી તેમના નેટ રન રેટ પર પણ નકારાત્મક અસર પડી છે. સુકાની શુભમન ગિલ અને જોસ બટલરે થોડી સાતત્યતા દર્શાવી છે પરંતુ બી સાઈ સુદર્શન, ગ્લેન ફિલિપ્સ અને રાહુલ તેવતિયા જેવા ખેલાડીઓ અત્યાર સુધી અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નથી. ગુજરાત ટાઇટન્સની ટીમમાં પ્રસિદ્ધ કૃષ્ણા, કાગીસો રબાડા, મોહમ્મદ સિરાજ અને રાશિદ ખાન જેવા સારા બોલરો છે પરંતુ તેમને બેટ્સમેનોનો પૂરતો સહયોગ મળી રહ્યો નથી.

વોલ્વાર્ડની સદીથી દ આફ્રિકાએ ભારતને હરાવી સીરિઝમાં અજેય સરસાઇ મેળવી

ભારતીય મહિલા ટીમે મૂકેલા 193 રનના લક્ષ્યાંકને વોલ્વાર્ડ અને સુનની ભાગીદારીથી દ. આફ્રિકાએ 21 બોલ બાકી રાખી આંબી લીધો

દ. આફ્રિકાની આ જીત ભારત સામેની સૌથી મોટી જીત અને મહિલા ટી-20 ઇન્ટરનેશનલમાં રનચેઝમાં ત્રીજી સૌથી મોટી જીત

જોહાનિસબર્ગ, તા. 22 (પીટીઆઇ) : પાંચ મેચની મહિલા ટી-20 સીરિઝની ત્રીજી મેચમાં કેપ્ટન લૌરા વોલ્વાર્ડ (53 બોલમાં 115 રન)ની સદી અને સુન લુસ (42 બોલમાં નોટઆઉટ 64 રન) સાથે પ્રથમ વિકેટ માટે 92 બોલમાં 183 રનની ભાગીદારીની મદદથી દક્ષિણ આફ્રિકાએ 21 બોલ બાકી રાખીને નવ વિકેટથી જીતીને સીરિઝમાં 3-0ની અજેય સરસાઇ મેળવી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌર (66) અને ઓપનર શેફાલી વર્મા (64) ની અડધી સદી અને ત્રીજી વિકેટ માટે 42 બોલમાં 73 રનની ભાગીદારીની મદદથી ભારતે ચાર વિકેટે 192 રન બનાવ્યા હતા.

લક્ષ્યનો પીછો કરતી વખતે દક્ષિણ આફ્રિકાએ 16.3 ઓવરમાં એક વિકેટે ૧૯૩ રન બનાવીને જીત પાકી કરી લીધી હતી, તેમની આ જીત ભારત સામે પોતાની સૌથી મોટી જીત હતી. મહિલા ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટ ઈતિહાસમાં લક્ષ્યનો પીછો કરતી વખતે આ ત્રીજી સૌથી મોટી જીત છે. આ પહેલા, વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડે 2023 અને 2018માં ઓસ્ટ્રેલિયા અને ભારત સામે અનુક્રમે 212 અને 198 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.

નાઈટ રાઈડર્સનું હોમ ગ્રાઉન્ડ ઓલિમ્પિક્સમાં ક્રિકેટની યજમાની કરશે : ICC CEO

લોસ એન્જલસ ગેમ્સમાં ક્રિકેટ સ્થળના શિલાન્યાસ સમયે સંજોગ ગુપ્તા બોલ્યા, આ ફક્ત ક્રિકેટ મેદાન નથી પણ એક વચનનો પાયો છે

લોસ એન્જલસ, તા. 23 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)ના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) સંજોગ ગુપ્તાએ જણાવ્યું હતું કે 2028 ઓલિમ્પિક ગેમ્સ માટેની ક્રિકેટ સ્પર્ધા લોસ એન્જલસમાં નાઈટ રાઈડર્સના હોમ ગ્રાઉન્ડ પર યોજાશે, જેનો શિલાન્યાસ ગુરુવારે કરવામાં આવ્યો હતો. ગુપ્તાએ કહ્યું કે આ ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે કારણ કે આજે આપણે જે પાયો નાખી રહ્યા છીએ તે ફક્ત ક્રિકેટનું મેદાન નથી. આપણે એક વચનનો પાયો નાખી રહ્યા છીએ. એક વચન જેને પૂર્ણ કરવામાં ૧૨૮ વર્ષ લાગ્યા. ગુપ્તા લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટ સ્થળના શિલાન્યાસ સમારોહમાં બોલી રહ્યા હતા. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ સમિતિ (આઈઓસી) એ લોસ એન્જલસ ગેમ્સમાં ક્રિકેટના સમાવેશને મંજૂરી આપી છે અને ગુપ્તાએ કહ્યું કે આ રમતના વધતા પ્રભાવને પ્રતિબિંબિત કરે છે.

તેમણે કહ્યું કે વિશ્વની બીજી સૌથી લોકપ્રિય રમત ઘણા લાંબા સમયથી ઓલિમ્પિક્સ સ્ટેજ પરથી ગાયબ છે. જ્યારે આઈઓસીએ લોસ એન્જલસ 2028 ગેમ્સમાં ક્રિકેટના સમાવેશને ઔપચારિક રીતે મંજૂરી આપી, ત્યારે તે માત્ર એક જાહેરાત નહોતી. તે દર્શાવે છે કે ઓલિમ્પિક્સમાં અબજો લોકો દ્વારા પ્રિય રમતોને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત છે. પોમોનામાં ક્રિકેટ સ્થળનો ઉલ્લેખ કરતા ગુપ્તાએ કહ્યું કે તેનો વારસો તેને ઓલિમ્પિક્સમાં ક્રિકેટની વાપસી માટે એક આદર્શ સ્થળ બનાવે છે.

નવાઝે T20 વર્લ્ડકપ દરમિયાન હેતુપૂર્વક પ્રતિબંધિત પદાર્થ લીધાનું નકાર્યું : PCB સૂત્રો

આરોગ્ય સંબંધિત સમસ્યા માટે કેટલીક દવાઓનો લીધી હતી પણ કોઈ નશીલા દ્રવ્યો લીધા નથી : નવાઝનો ખુલાસો

જો આઇસીસી તેના ખુલાસાથી સંતુષ્ટ નહીં થાય, તો નવાઝને ક્રિકેટમાંથી સંપૂર્ણ પ્રતિબંધનો સામનો કરવો પડી શકે

લાહોર, તા. 23 (પીટીઆઇ) : પાકિસ્તાનના અનુભવી ઓલરાઉન્ડર મોહમ્મદ નવાઝે આ વર્ષની શરૂઆતમાં રમાયેલા ટી-20 વર્લ્ડકપ દરમિયાન તેના પોઝિટિવ ડોપ ટેસ્ટ બાદ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને પોતાનો જવાબ સુપરત કરીને ભારપૂર્વક જણાવ્યું છે કે તેણે જાણીજોઈને કોઈ પ્રતિબંધિત પદાર્થનું સેવન કર્યું નથી.

પીસીબીના એક સૂત્રએ આજે ગુરુવારે જણાવ્યું હતું કે નવાઝે કોઈપણ પ્રતિબંધિત પદાર્થ અથવા નશીલા પદાર્થોના હેતુપૂર્વક ઉપયોગનો ઈનકાર કર્યો છે. સૂત્રએ દાવો કર્યો હતો કે, તેણે સ્પષ્ટતા કરી છે કે તેણે આરોગ્ય સંબંધિત સમસ્યા માટે કેટલીક દવાઓનો ઉપયોગ કર્યો હતો પરંતુ તેણે કોઈ નશીલા દ્રવ્યો લીધા નથી.

વર્લ્ડ કપ દરમિયાન સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવેલા રેન્ડમ ટેસ્ટમાં પોઝિટિવ આવ્યા બાદ નવાઝ અત્યારે નશીલા પદાર્થોના કથિત ઉપયોગ બદલ આઇસીસી અને પીસીબીની તપાસ હેઠળ છે. ડાબોડી સ્પિનરને અત્યારે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) માં મુલતાન સુલ્તાન્સ તરફથી રમવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ આઇસીસી આગામી થોડા દિવસોમાં તેની આગળની કાર્યવાહી અંગે PCBને જાણ કરશે. જો આઇસીસી તેના ખુલાસાથી સંતુષ્ટ નહીં થાય, તો નવાઝને ક્રિકેટમાંથી સંપૂર્ણ પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે, કારણ કે વિશ્વ સંસ્થા ખેલાડીઓ દ્વારા પ્રતિબંધિત પદાર્થો અને નશીલી દવાઓના ઉપયોગ અંગે કડક વલણ ધરાવે છે.

અનુસંધાન... પાના પહેલાનું

પેટ્રોલ-ડીઝલમાં...

તૈયાર કરવામાં આવ્યા છે અને તે તોફાની તથા ભ્રામક છે. આ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ એમ પણ જણાવ્યું હતું કે બેન્ચમાર્ક એલપીજી સાઉદી સીપીના ભાવમાં જુલાઇ ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૬ સુધીમાં ૧૦૨ ટકાનો વધારો થયો છે જ્યારે ભારતમાં તેના ભાવ ૧૭ ટકા ઘટ્યા છે. વાસ્તવમાં, ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં છેલ્લા ચાર વર્ષમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધ્યા નથી, તેમ તેણે જણાવ્યું હતું. ભારત સરકાર અને ઓઈલની જાહેર ક્ષેત્રની કંપનીઓએ આંતરરાષ્ટ્રીય કિંમતોમાં થયેલા તીવ્ર વધારાથી ભારતીય નાગરિકોને સુરક્ષિત રાખવા માટે સતત પગલાં લીધાં છે. એમ વધુમાં જણાવ્યું હતું. 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલો કર્યા પછી આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં ઉછાળો આવ્યો હતો.

બંગાળ અને...

અત્રે ઉલ્લેખનીય છે કે બંગાળમાં હવે બીજા તબક્કાનું મતદાન ૨૦ એપ્રિલે યોજાશે. જ્યાં વિધાનસભા ચૂંટણી યોજાઇ છે તે તમામ રાજ્યોમાં ચોથી મેએ મતગણતરી છે. **પશ્ચિમ બંગાળ: હાઈ-વોલ્ટેજ જંગ અને પરિવર્તનની લહેર?** બંગાળના પ્રથમ તબક્કાની 152 બેઠકો પર મતાધિકારનો પ્રચંડ ઉત્સાહ જોવા મળ્યો. પીએમ નરેન્દ્ર મોદીએ આ માતબર મતદાનને "પરિવર્તન માટેનો જનાદેશ" ગણાવ્યો છે અને દાવો કર્યો છે કે 4 મેના રોજ TMCના 'સિંડિકેટ રાજ'નો અંત આવશે. બીજી તરફ, મમતા બેનર્જીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે પ્રથમ તબક્કાના વલણો જોતા TMC 125-134 બેઠકો પર વિજય મેળવી રહી છે. SIR વિવાદની અસરઃ રાજ્યમાં મતદાર યાદીના સુધારા (SIR) હેઠળ 91 લાખ નામો કાઢી નાખવાના મુદ્દે ભારે રાજકીય ઘમસાણ મચ્યું હતું, છતાં મતદારોની લાંબી કતારોએ મક્કમ ઈરાદો સ્પષ્ટ કર્યો છે. સુરક્ષાનો સખત પહેરોઃ હિંસાની છૂટીછવાઈ ઘટનાઓ વચ્ચે 2.5 લાખ સુરક્ષાકર્મીઓની દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થયું.

દિલ્હી ડાયરી...

કેરળ કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ માટે ખેંચતાણ

કેરળમાં હાલમાં વિધાનસભાની ચૂંટણીઓ ચાલી રહી છે અને લગભગ એક દાયકા સુધી વિપક્ષમાં બેઠા પછી યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) સત્તામાં પાછા ફરવા માટે આત્મવિશ્વાસ ધરાવે છે, ત્યારે કોંગ્રેસના કેટલાક વરિષ્ઠ નેતાઓની નજર મુખ્યમંત્રી પદ પર ટકી છે. કેરળ વિધાનસભામાં વિપક્ષના નેતા વી. ડી. સતીશન ચૂંટણીમાં યુડીએફનું નેતૃત્વ કરી રહ્યા છે, જ્યારે તેમના પુરોગામી અને કોંગ્રેસ કાર્યકારી સમિતિ (સીડબ્લ્યુસી) ના સભ્ય રમેશ ચેન્નીથલાએ જાહેરમાં દાવો કર્યો છે કે કેરળ સ્થિત કોંગ્રેસ નેતા જ આગામી મુખ્યમંત્રી બનશે. ચર્ચાઓ મુજબ, ચેન્નીથલાએ આ નિવેદન દ્વારા સીધું નિશાન એઆઈસીસી (એઆઈસીસી) મહાસચિવ (સંગઠન) કે. સી. વેણુગોપાલ પર સાધ્યું છે, જેઓ મોટા ભાગે નવી દિલ્હીમાં રહે છે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની નજીક માનવામાં આવે છે. ચેન્નીથલા દિલ્હીના રાજકારણના જૂના ખેલાડી છે અને ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ, એઆઈસીસી મહાસચિવ અને સીડબ્લ્યુસી સભ્ય જેવી વિવિધ ક્ષમતાઓમાં કેન્દ્રમાં સેવા આપી ચુક્યા છે, તેથી તેઓ પક્ષની રાજકીય બારીકીઓને ઉચ્ચ સ્તરે સમજે છે. આ શબ્દયુદ્ધને કારણે અન્ય વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓએ મુખ્યમંત્રી પદના દાવેદારોને ચૂંટણી ચાલતી હોય ત્યારે મર્યાદા જાળવવા વિનંતી કરી છે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની આક્રમકતા

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની ૯ એપ્રિલની રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે અને ત્યાર બાદની જાહેર આક્રમકતાએ ભાજપની અંદરના લોકો સહિત ઘણાને આશ્ચર્યમાં મૂકી દીધા છે. આ વિવાદ દિલ્હી અને ગુવાહાટીમાં પવન ખેરાની પત્રકાર પરિષદ પછી શરૂ થયો હતો, જેમાં તેમણે સરમાના પત્ની પાસે બહુવિધ પાસપોર્ટ હોવાનો અને સરમાએ તેમના ચૂંટણી સોગંદનામામાં પત્નીની વિદેશી મિલકતો જાહેર ન કરી હોવાનો આરોપ લગાવ્યો હતો.